૯૨

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની આશ્રમશાળાઓની નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૨૧/૪૯૫૨૧૫/ન.બા-૦૧/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૮/૦૪/૨૦૨૨

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૬/૦૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૪/ન.બા.૬૧૨/અ.૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૯/૧૦/૨૦૨૧નો પત્ર ક્રમાંક: વિજાક-અમશ-સા.શૈ.પ.વ./ ન.બા./૨૦૨૧-૨૨/૧૩૫

**આમુખ :-**

વંચાણે લીધા ક્રમાંક: (૧) માં જણાવેલ વિભાગના તા.૧૬/૦૪/૨૦૧૫ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીદીઠ માસિક નિભાવ ગ્રાન્ટ રૂ.૧૦૦૦/- થી વધારી રૂ.૧૫૦૦/- કરવાની મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક: (૨) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા.૨૯/૧૦/૨૦૨૧ના પત્રથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓની નિભાવ ગ્રાન્ટમાં રૂ.૧૫૦૦/- થી વધારી રૂ.૨૧૬૦/- કરવા દરખાસ્ત કરવામાં આવેલ, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓની વિદ્યાર્થીદીઠ નિભાવ ગ્રાન્ટ માસિક રૂ.૧૫૦૦/- થી વધારી રૂ.૨૧૬૦/- કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ઉક્ત મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે:

**શરતો:-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજનાને CM Dash Board સાથે લિંક કરવાની રહેશે.

(૯) સોશિયો ઇકોનોમિક ઇમ્પેક્ટ ઇવેલ્યુએશન/ એસેસમેન્ટ કરવાનું રહેશે.

(૧૦) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં મંજૂર થયેલ નવી બાબત/ રજૂ કરેલ વ્યક્તિગત લાભને લગત હોય તેવી નવી બાબત જે ચાલુ બાબત તરીકે અંદાજપત્રમાં સમાવવાની શરતે મંજૂર કરવામાં આવેલ હોઇ, તે યોજનાઓ પૈકી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ બાબતોની અમલવારી નવા શૈક્ષણિક સત્ર ચાલુ થયેથી કરવાની રહેશે.

(૧૧) નિભાવ ગ્રાન્ટમાં ઉક્ત વધારો આગામી શૈક્ષણિક સત્રથી જ લાગુ થશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક નં.-૯૨, મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ કલ્યાણ અને લઘુમતી કલ્યાણ, પેટા મુખ્ય સદર:03 પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭ શિક્ષણ, પેટા સદર: (૧૧) ઓબીસી-૫ છાત્રાલયો અને આશ્રમશાળાઓ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાયક અનુદાન કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

[P.T.O.]

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૧/૦૪/૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા. અને અ.વિ. સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી, (બજેટ, કોમ્પ્યુટર શાખા), સા.ન્યા. અને અ.વિ., ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ.